**IN THE COURT OF ADDL.CHIEF METRO.MAGI.(COURT NO.1)**
**AT.AHMEDABAD**
**CRIMINAL MISC.APPLICATION NO. 51 OF 2016.**

CRMA/ 10492/2017 order below Exh.11

Appearance : D.A.Patil/N.R.Patel Advocate For Applicant1, N.A.Raval Advocate For Opponent 1 to 5,

(૧) અરજદારની વચગાળાના ભરણપોષણની અરજી વંચાણે લીધી. સામાવાળાઓનો જવાબ વંચાણે લીધો તેમજ અરજદાર અને સામવાળા બંને પક્ષે વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

(૨) અરજદાર વચગાળાના ભરણપોષણ મેળવવા જે અરજી કરેલ છેતે નિર્ણય કરતા પહેલા આ કામે અરજદાર કે જે મુળ ફરિયાદી તરીકે મુળ અરજી સર્વિસ પ્રોવાઇડર મારફતે કરેલ છે જે અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજીમાં સામાવાળાઓને પ્રતિવાદી તરીકે બતાવેલ છે જેથી હવે સરળતા ખાતર હવે પછી ફરિયાદીને અરજદાર અને પ્રતિવાદીને સામાવાળા તરીકે સંબોધેલ છે. અરજદારના લગ્ન સામાવાળા(પ્રતિવાદી)નં.૧ સાથે તા. ૦૭/૦૩/૨૦૧૫ ના રોજ તેમની જ્ઞાતિના રીતરીવાજ પ્રમાણે હિંદુ શાસ્ત્રોકત વિધીથી અમદાવાદ થયેલ સામાવાળા(પ્રતિવાદી) નં.૨ સાસુ,નં.૩ સસરા છે. વધુમાં અરજદારનો કેસ તેવો છે કે,અરજદારના લગ્ન થયા બાદ તેણીની તેના પતિ સાથે સંયુકત કુંટુંબમાં તેની સાસરીમાં રહેવા ગયેલ અને સામાવાળાનં.૧ સાથેના લગ્ન જીવન એક પુત્ર હિયાનનો જન્મ થયેલ છે હવે આ કામે સામાવાળાનં.૧ સામાવાળાનં.૨ અને ૩ ની ચઢવણીથી શારીરીક અને માનસિક ત્રાસ આપતા અને કહેતા કે તુ ગાંડી છે તેમજ ધાર્મિક બાબતે તેમના પતિ તેમની સાથે બળજબરી કરતા હતા. અને પિયર ફોન કરવા દેતા નહી કે મોકલતા નહી.અને અરજદારના પિતાએ કહેલ કે અમોએ દિકરી પરણાવી છે વેચી દીધેલ નથી એટલે તેમને મળવા માટે મોકલો તેમ વાર્તા લાપ ચાલતો હતો ત્યારે મોટા સસરા ચંદ્રકાંત બાપુની વહુ દીપલ આવીને સમજાવેલા કે ધરમા ધાર્મિક પરેજી પાળીએ છીએ તે સમયે ધરમાં મોંટે ભાગે સ્ત્રી કોઇ ચીજવસ્તુને અડકવાનું નથી તેમ કહેતા દર મહિને ત્રણેક દિવસ પિયર મોકલતા. અને પિયરમાંથી ખાલી હાથે નહી કંઇક લઇને જ આવવુ પડે તેમ કહી માનસિક ત્રાસ આપતા. તેમજ **તેમના પતિ સવારે ૮.૦૦ થી ૫ વાગ્યા સુધી નોકરી કરતા હતા ત્યારબાદ દુકાને જ**ઇ રાત્રે ૧૧.૦૦ પરત આવતા તેમને પુરતો સમય આપતા નહી અને તેમના સસરાં કહેતા જીવનમાં આગળ વધવુ હોયતો કામને જ પ્રોયોરીટી આપવા પડે તેમ કહી ઉતારી પાડતા. તેમજ તેમના સાસુએ પણ ઇરાદાપુર્વક પોતે ગર્ભવતી હોઇ તેમછતાં દરકાર લેતા નહી અને તેર (૧૩) મહિનાનું વરસી તપ ચાલુ કરેલ જેથી અરજદારને ધરકામ કરવું પડતુ આવનાર બાળકનું કોઇ ધ્યાન ન રાખતા જેથી તબિયત નરસી રહેતી અને ગર્ભવતી હોઇ કપડા થતા ન હોઇ નવા કપડાં પણ લાવી આપેલ નહી તે પછી બે સાદા ડ્રેસ અપાવેલા. અને તા.૦૯/૧૦/૧૬ ના રોજ ધરમાં શ્રીમંત હોઇ તેથી તે પછી

પુત્રનો જન્મ થયેલ જેથી માર્ચ-૨૦૧૭ માં સાસરીમાં ગયેલ. વધુમાં અરજદારનો કેસ તેવો છે કે, સામાવાળાનં.૧ નવનીધી મેડીકલ અને પ્રોવિઝન સ્ટોર્સ ચલાવીને મહિને રૂ.૧,૫૦,૦૦૦/–કમાય છે જયારે સામાવાળાનં.૨ એલઆઇસીનું કામ કરીને મહિને રૂ.૩૦,૦૦૦/–અને નં.૩ શેર બ્રોકર્સનું કામ કરીને રૂ.૪૦,૦૦૦/–પોતે કાંઇ કમાતા નથી અને સામાવાળાઓ પાસે તેમના લગ્ન સમયે મળેલ કરીયાવર છે જે તેમને કાઢી મુકયા બાદ કોઇ ભરણપોષણની વ્યવસ્થા કરેલ નથી.

હવે આંક–૧૧ ની અરજીમાં પોતે કેન્સરના રોગથી પિડાય છે અને તેમના બાળકના ભરણપોષણ માટે વચગાળાના ભરણપોષણની દાદ માંગેલ છે જેથી પેરા–૯ માં જણાવ્યા પ્રમાણે દાદ માંગેલ છે.

(૩) સામાવાળાઓને નોટિસ કાઢતાં તે બજી જતાં સામાવાળાઓ તરફે આંક.૦૯ થી મુળ અરજીનો લેખિત જવાબ અને આંક.૧૩ થી વચગાળાની અરજીનો લેખિત જવાબ આપી અરજદાર અને સામાવાળાનં.૧ ના લગ્ન થયેલ અને લગ્નજીવનથી એક પુત્રનો જન્મ થયેલ હોવાની હકીકત સ્વીકારેલ છે જયારે તે સિવાયની અરજીની હકિકતનો પેરાવાઇઝ જવાબ આપી ઇન્કાર કરેલ છે જે ટોટલ ડીનાઇલ સ્વરૂપનો છે અને તેવી તકરાર લીધેલ છે કે, સામાવાળાનં.૧ મહિને રૂ.૧,૫૦,૦૦૦- કમાતા હોવાનો ઇન્કાર કરેલ છે અને તેવી તકરાર લીધેલ છે કે, અરજદારના પિતા,કાકા તથાઅન્ય માથાભારે તત્વોને લઇ સામાવાળાના ઘરે આવી ધાક ધમકી આપી જોરજોરથી બુમો બરાડા પાડી સોસાયટીના તમા રહીશોને સંભળાય તે રીતે બુમો બરાડા કરી સામાવાળાની ઇજ્જત આબરૂ બદનામ થાય તેવુ વર્તન કરે છે. અને પોતે નોકરી કરતા હોઇ તેથી તે પછી પણ પોતે દુકાને કામ કરતા હતા જેથી વધુ સારી આવક મળી શકે. અરજદાર ગર્ભવતી હોઇ જાણ થતાં તેને તેડી લાવેલ અને સારામાં સારા ડોકટર પાસે ટ્રીટમેન્ટ કરાવી સંભાળ રાખતા હતા અને તેમના ઘરમાં વાસણ,કચરા પોતા માટે કામે રાખેલ છે. જેથી અરજીમાં ખોટા આક્ષેપ હોઇ અરજી રદ કરવા દલીલ કરેલ છે.

(૪) બંને પક્ષે વિગતવાર દલીલોનો સારાંશ જોતા, આ કામે બંને પક્ષે અરજદાર અને સામાવાળાનં.૧ વચ્ચે પતિ-પત્નિના સંબંધો હોવા અંગે કોઇ તકરાર નથી તેથી આગળ જઇ હવે આ કામે અરજદારને સામાવાળા સાથેના લગ્ન જીવનથી એક પુત્રનો જન્મ થયેલ છે તે હકીકત છે. હવે આ કામે જયારે અરજદાર અને સામાવાળા વચ્ચે જયારે સંબંધોની તકરાર ન હોય ત્યારે મુખ્ય વિષય વસ્તુ અંગે હવે વચગાળા ( Interim application)ની અરજીનો નિર્ણય કરતા સમયે સેટલલો જોતાં, જયારે પક્ષકારનો વચ્ચેની ન્યાયિક તકરારનો નિર્ણય કરતા અદાલતને સમય જાય તેમ હોઇ વચગાળાની દાદ કે જે તાત્કાલિક સ્વરૂપની હોય તેનો નિર્ણય કરવાનો રહે. હવે આ કામે અરજદારે મુળ અરજી તા.૨૨/૧૧/૨૦૧૭ ના રોજ કરેલ છે અને આ કામે સામાવાળાએ તા.૦૫/૦૬/૧૮ ના રોજ અરજીનો જવાબ આપેલ છે આમ તે જોતાં સાથે હવે આ કામે અરજદારના પુરાવા પર તે પછી કેસ છે જેથી કરીને હજુ આ કામે સામાવાળાનો પુરાવો અને તે પછી દલીલનો તબકકો બાકી છે જેથી કરીને હજુ મુળ અરજી કે જે ઘરેલુ હિંસા તળેની છે જેમાં

સ્ત્રીને ઘરેલુ હિંસાનો ભોગ બનેલ છે કે કેમ? તે પરત્વે જયારે અરજદારનો પુરાવો બાકી છે ત્યારે હવે આ અરજી નિર્ણય કરતા વચગાળાના તબક્કે અરજીનો નિર્ણય સ્વરૂપે અરજદારે પોતે જે સામાવાળા દુકાન ચલાવીને મહિને રૂ.૧,૫૦,૦૦૦- કમાતા હોવાનું જણાવેલ છે જયારે બીજી તરફ ખુદ અરજદારે પોતે સામાવાળા નોકરી કરતાં હોવાનું જણાવેલ છે હવે આ કામે સામાવાળાએ માત્ર ડીનાઇલનો બચાવ લીધેલ છે પોતે જે કમાય છે અગરતો નથી કમાતા તે અંગે મૌન સેવેલ છે ત્યારે આ કામે અરજદાર શું કમાય છે તે પુરાવોનો વિષય છે અરજદારે તેમની અરજીમાં સામાવાળાનં.૨ એલઆઇસી અને નં.૩ શેર બ્રોકર્સ તરીકે કમાતા હોવાનું જણાવેલ છે પરંતુ તે સામાવાળાનં.૧ ની આવક છે તેવુ ન કહેવાય પરંતુ માત્ર સામાવાળાનં.૨ અને ૩ ભરણપોષણ પોતે કરવા સક્ષમ છે તે પ્રકારે કહી શકાય.

આ કામે અરજદાર પોતે કેન્સરથી પીડાતા હોવાનું જણાવેલ છે પરંતુ તે અંગે કોઇ તબીબી પુરાવો રજુ થયેલ નથી પરંતુ આ કામે અરજદાર તેમજ સગીર બાળકના ભરણપોષણની વ્યવસ્થા સામાવાળાએ કરેલ હોય અગરતો તેના ફળ સ્વરૂપે કોઇ રકમ મની ઓર્ડર કે ડ્રાફ્ટ કરીને ચુકવેલ હોય તેવુ બતાવેલ નથી. હવે આ કામે સામાવાળાનં.૧ ની આવક અંગે કોઇ પુરાવો નથી જેથી કરીને આ તબક્કે લઘુત્તમ વેતન દર ધ્યાને લેવામાં આવેતો પણ સામાવાળાનં.૧ મહિને ૧૨,૦૦૦/-જેટલુ કમાતા હોય તેમ માની શકાય જેથી અરજદારનં.૧ ને માસિક રૂ.૩,૦૦૦/- તથા નં.૨ સગીર પુત્રના ભરણપોષણ પેટે માસિક રૂ.૧૦૦૦/-એમ કુલ મળીને રૂ.૪,૦૦૦/- ચુકવી આપવામાં આવેતો આ તબક્કે ન્યાયનો હેતુ સધાય તેમ છે. જેથી આ કામે વિશેષ ચર્ચા ન કરતા ન્યાયના હિતમાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

(૧) અરજદારની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે. વધુમાં તેવો આદેશ કરવામાં આવે છે કે સામાવાળાનં.૧ નાએ અરજદારનં.૧ ને માસિક રૂ.૩,૦૦૦/-તથા નં.૨ સગીર પુત્રના ભરણપોષણ પેટે માસિક રૂ.૧૦૦૦/-એમ કુલમળીને રૂ.૪,૦૦૦/- અરજી કર્યા તારીખથી એટલે કે તા.૨૨/૧૧/૨૦૧૭ ના રોજથી નિયમીતપણે ચઢે ચઢ્યા ચુકવી આપવા.

(૨) આ અરજીનું ખર્ચ આખરી હુકમને અનુસરશે.

હુકમ આજરોજ તા.૦૫/૧૨/૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**Date.05/12/2019**
**Place: AHMEADABAD**

**MR.UTTAMKUMAR NARAYANDAS SINDHI**
**GJ-00741**
**ADDL.CHIEF METROPOLITAN MAGI.**
**(COURT NO.1) AHMEADABAD**